2) મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના, ઉમેદવારો તથા તમામ મહિલા, વિકલાંગ તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છૂટછાટ આપવામાં આવશે.

| | |
|---|---|
| 1) સામાન્ય મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ |
| 2) અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ |
| 3) અનામત વર્ગના મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| 4) સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| 5) સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| 6) અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| 7) અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૨૦ વર્ષ |

8) માજી સૈનિક ઉમેદવારો નીચેની નોંધના મુદ્દા-૫ મુજબ.

**નોંધ :**

1) ઉમેદવાર, ખોડખાંપણની ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતાં હશે, તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે.

2) શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃપરચ-૧૦૨૦૦૮–૪૬૯૫૪૦-ગ-૨, થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

3) ઓનલાઇન અરજી કરતી વખતે કોઇ પ્રમાણપત્ર જોડવાના નથી પરંતુ આ કેટેગરીમાં અરજી કરનારા ઉમેદવારો આવા પ્રમાણપત્રો ધરાવતા હોય તેમણે જ વિકલાંગ ઉમેદવારની કેટેગરીમાં અરજી કરવાની રહેશે.

4) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો(સામાન્ય)-૧૯૬૭ ની જોગવાઇ મુજબ જે ઉમેદવારો રાજય સરકારની સેવામાં(ફીડર કેડર) માં હોય તેવા ઉમેદવારોની તરફેણમાં ઉપલી વયમર્યાદામાં બિન

સચિવાલય કારકુનની જગ્યા માટે ત્રણ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે. આ માટે ફીડર કેડર તરીકે રાજય સરકારની સેવાના વર્ગ-૪ ના કર્મચારીઓ તથા નશાબંધી અને આબકારી ખાતાના કોન્સ્ટેબલ ગણાશે. ઓફિસ આસિસ્ટન્ટની જગ્યા માટે કોઈ ફીડર કેડર નથી. ઉમેદવારે જો ફીડર કેડરનો લાભ લઈને અરજી કરી હશે તો તે અરજી ફક્ત બિન સચિવાલય કારકુન માટે જ માન્ય ગણાશે.

5) માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ઉંમરમાંથી બાદ કરતાં મળતી ઉંમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઈશે નહીં.
6) માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં

**૬. વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ** :

તમામ ઉમેદવારોનાં કિસ્સામાં વયમર્યાદા તા.૧૦/૦૫/૨૦૧૬ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે. અન્ય તમામ બાબતો માટે પણ cutoff date તા.૧૦/૦૫/૨૦૧૬ ગણવાની રહેશે.

**૭. અરજી કરવાની રીત :-**

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તારીખ:૨૨/૦૪/૨૦૧૬ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૧૦/૦૫/૨૦૧૬ (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન https://ojas.gujarat.gov.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે

1) સૌ પ્રથમ https://ojas.gujarat.gov.in પર જવું.
2) હવે "Apply On line" Click કરવું.
3) **" Clerk" ની જાહેરાત ક્રમાંકઃ૮૩** ઉપર click કરવાથી screen ઉપર more details અને Apply now ના ઓપ્શન જોવા મળશે. More details click કરવાથી વિગતવાર જાહેરાત જોવા મળશે. જે વાંચી જવી.
4) તેની નીચે "Apply now" પર click કરવાથી Application Format ખુલશે જેમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
5) Personal Details ભરાયા બાદ "Educational Details" ભરવા માટે "Educational Qualifications" પર click કરવું.
6) તેની નીચે "Self declaration" પર click કરવું. ત્યારબાદ
7) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.
8) હવે "save" પર click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે.

9) અરજી કર્યા બાદ ઉમેદવારનો "Application Number" generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

10) હવે Upload Photograph પર click કરો. અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ, OK પર click કરવું. અહીં photo અને signature upload કરવાના છે.

(Photo નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી. લંબાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (Photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg format માં (15 kb) સાઈઝથી વધારે નહિં, તે રીતે સ્કેન કરી, computer માં save કરેલા હોવા જોઈએ.) "Browse" button પર click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને "open" button ને click કરો. હવે "browse" button ની બાજુમાં "upload" button પર click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

જે ફોટો અપલોડ કરવામાં આવ્યો હોય તે જ ફોટાની નકલ લેખિત પરીક્ષામાં હાજરીપત્રકમાં ચોંટાડવાની રહેશે. તેમજ પછીના દરેક તબક્કે મંડળ માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે. આથી ઓનલાઇન અરજીપત્રકમાં અપલોડ કરેલ ફોટોગ્રાફની ચારથી પાંચ નકલો કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા ફોટોગ્રાફ રજૂ થશે તો, ઉમેદવારની ઓળખ પ્રસ્થાપિત નહીં થવાના કારણે ઉમેદવારની ફાળવણી/નિમણૂંકમાં બાધ આવી શકશે જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

11) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ Ok પર click કરવાથી ત્રણ બટન (૧) ok (૨) show application preview અને (૩) confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit કરી લેવું. કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ confirm application પર click કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં online સ્વીકાર થઈ જશે.

12) એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ, પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, શા.ખો.ખાં., વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી નામ, અટકના સ્પેલીંગ સહીત કરી લઇને તેને અનુરૂપ વિગતો જ ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ મંડળ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે

નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે.

13) Confirm application પર click કરતાં **<u>અહીં "confirmation number" generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.</u>** કન્ફર્મેશન નંબર સિવાય કોઇ પણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલ અરજીપત્રકની પ્રીન્ટ અચૂક કાઢી રાખવી.

14) **<u>હવે print application પર click કરવું. અહીં તમારો confirmation number ટાઈપ કરવો અને print પર click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવા જણાવવામાં આવે છે. જેથી ઉમેદવારે પોતે ઓનલાઇન રજૂ કરેલી અરજીની તે નકલ જરૂર પડ્યે ઉપયોગમાં લઇ શકાય.</u>**

15) ઉમેદવારને ફોર્મ ભરતી વખતે માર્ગદર્શનની આવશ્યકતા જણાયતો ટોલ-ફ્રી નંબર : ૧૮૦૦૨૩૩૫૫૦૦ પર ફોન કરીને જરૂરી માર્ગદર્શન મેળવી લેવું.

16) અરજી કન્ફર્મ થઇ ગયા બાદ આગળના ફકરા.૮ માં આપેલ સુચનાઓ અનુસાર પોસ્ટ ઓફીસ ખાતે રોકડમાં પરીક્ષા ફી રૂ.૧૦૦/- તથા પોસ્ટલ ચાર્જ રૂ.૧૨/-ચલણથી ભરવાના રહેશે. આ ચલણ પણ OJAS વેબસાઇટ ઉપરથીજ ડાઉનલોડ કરવાનું રહેશે. અરજી કન્ફર્મ કર્યા બાદ ફી ન ભરનાર જનરલ કેટેગરીના ઉમેદવારની ઉમેદવારી રદ ગણાશે.

**૮. પરીક્ષા ફી :-**

- ફોર્મ ભરતી વખતે "General" કેટેગરી Select કરી હોય તેવા (PH તથા Ex-servicemen કેટેગરી સિવાયના) તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.
- જે ઉમેદવારોએ ફી ભરવાની છે તેવા ઉમેદવારો જયારે OJAS વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલનની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે, ઉમેદવારોએ ચલન સાથે કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં જઇને, પરીક્ષા ફી પેટે રૂ.૧૦૦/- રોકડા + રૂ.૧૨/- પોસ્ટલ ચાર્જીસ ભરી દેવાના રહેશે. ચલનની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને સિક્કા/સ્ટીકર સાથે પરત આપશે. આ નકલ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને પરીક્ષા સમયે કોલ લેટર સાથે અચૂક સાથે લાવવાની રહેશે.
- અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.
- પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તા.૧૩/૦૫/૨૦૧૬ (પોસ્ટ ઓફીસના કામકાજના સમય સુધી)ની રહેશે.
- ફી ભર્યા બાદ, રીફંડ કોઇપણ સંજોગોમાં મળવાપાત્ર નથી તેમજ ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

➢ પરીક્ષા ફી ભરવાથી ઉમેદવારને તેઓ દ્વારા દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર SMS થી ફી ભર્યાની જાણ કરવામાં આવશે. જો ઉમેદવારને SMS ના મળે તો, તાત્કાલિક ઉમેદવારે જે પોસ્ટ ઓફીસ ખાતે ફી જમા કરાવેલ હોય તે પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવાનો રહેશે.

➢ અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી Select કરનાર ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.

(ક) અનુસૂચિત જાતિ (SC)
(ખ) અનુસૂચિત જન જાતિ (ST)
(ગ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC)
(ઘ) માજી સૈનિક (Ex-serviceman) તમામ કેટેગરી
(ચ) શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો(PH) તમામ કેટેગરી

**૯. પસંદગી પ્રક્રિયા :-**

કારકુનની જગ્યા ઉપર પસંદગી પામવાનાં હેતુસર ઉમેદવારે ભાગ-૧ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા તથા ભાગ-૨ની કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટીની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. આ પરીક્ષામાં નીચે મુજબ ગુણભાર રહેશે.

**(ક) ભાગ-૧ : લેખિત કસોટી : ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) પ્રશ્નપત્ર, પેપરઃ૧, ગુણઃ૨૦૦, સમયઃ બે કલાક.**

| | | |
|---|---|---|
| 1. | ગુજરાતનો ઇતિહાસ અને સંસ્કૃતિ | ૨૫ ગુણ |
| 2. | ગુજરાતી વ્યાકરણ | ૨૫ ગુણ |
| 3. | અંગ્રેજી વ્યાકરણ | ૨૫ ગુણ |
| 4. | ભારત અને ગુજરાતના વર્તમાન બનાવો, સામાન્ય વિજ્ઞાન, એપ્ટીટ્યુડ ક્વોન્ટીટેટીવ. | ૫૦ ગુણ |
| 5. | કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર થીયરી. એપેન્ડીક્ષ- G. | ૨૫ ગુણ |
| 6. | જાહેર વહીવટ અને ભારતનું સંવિધાન | ૫૦ ગુણ |
| | **કુલ** | **૨૦૦ ગુણ** |

**નોંધ :** (૧) **(i)** પરીક્ષા Multiple Choice Question (MCQ ) અને Optical Mark Reader(OMR) પધ્ધતિની રહેશે. **(ii)** દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે. **(iii)** ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. (iv) ખોટા જવાબ દીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે, નેગેટીવ માર્કીંગ લાગુ પડશે. **(v)** દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ **"E"** "Not attempted" રહેશે, ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને

"Not attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં. **(vi)** પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઇ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

(૨) લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોને ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે. કુલ ખાલી જગ્યાના અંદાજે ત્રણ ગણા જેટલા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી (કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે.

(૩) ઉપર ક(૫) (પાંચ માં દર્શાવેલ કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર થીયરી. અંગે નો અભ્યાસક્રમ જાહેરાત ના અંતે જોડેલ એપેન્ડીક્ષ- G મુજબ નો રહેશે.

**(ખ) ભાગ-૨: કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી : પેપરઃ૨, ગુણઃ૧૦૦, સમયઃ ૧ કલાક ૩૦ મીનીટ.**

| | | |
|---|---|---|
| 1. | ગુજરાતી ટાઇપીંગ કસોટી | ૨૦ ગુણ |
| 2. | અંગ્રેજી ટાઇપીંગ કસોટી | ૨૦ ગુણ |
| 3. | કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર પ્રેકટીકલ કસોટી. એપેન્ડીક્ષ- H | ૬૦ ગુણ |
| | **કુલ** | **૧૦૦ ગુણ** |

**નોંધ: (૧)** ઉપર ખ(૩)(ત્રણ) માં દર્શાવેલ કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર પ્રેકટીકલ કસોટી અંગે નો અભ્યાસક્રમ જાહેરાત ના અંતે જોડેલ એપેન્ડીક્ષ-F મુજબ નો રહેશે.

**(ગ) લઘુત્તમ લાયકી ધોરણ:**

મેરીટ યાદી તૈયાર કરવા માટેનું લાયકી ધોરણ મંડળ ઠરાવશે. પરંતુ પરીક્ષા નિયમોની જોગવાઇ મુજબ, કોઇપણ સંજોગોમાં અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે લઘુત્તમ લાયકી ધોરણ, દરેક કસોટી માટે કુલ ગુણના ૪૦ % ગુણ રહેશે. લેખિત કસોટીમાં મેરીટના ધોરણે ઉત્તીર્ણ થનાર ઉમેદવારોને જગ્યાઓની સંખ્યાના સામાન્યતઃ ૩ ત્રણ ગણા કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે.

(ઘ) (૧) કારકુનની જગ્યા માટેની મેરીટ યાદી ભાગ-૧ : લેખિત કસોટી : ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) પ્રશ્નપત્ર તથા ભાગ-૨: કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી(કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી બંનેમાં મેળવેલ સંયુક્ત ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.

(૨) આ જાહેરાત હેઠળની જગ્યા માટે મૌખીક કસોટી (ઇન્ટર્વ્યુ) લેવામાં આવશે નહીં.

**૧૦. સામાન્ય શરતો :-**

(૧) જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

(૨) સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત નમૂનાનું સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક (ગુજરાતીમાં) ના નમૂનામાં પ્રમાણપત્ર મંડળ માંગે ત્યારે રજુ કરવાનું રહેશે.

તા.૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૬ ના સમયગાળાની આવકને ધ્યાને લઇ, **તા.૧/૦૪/૨૦૧૬ થી અરજી કરવાની છેલ્લી તારીખ:૧૦/૦૫/૨૦૧૬ દરમ્યાન મેળવેલ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેના અસલ પ્રમાણપત્રનો નંબર અને તેની તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનો રહેશે.** (અંગ્રેજીમાં કઢાવેલ નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ જે કેન્દ્ર સરકારની નોકરી માટેનું હોય માન્ય ગણવામાં આવશે નહી) પરીક્ષા બાદ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકતાં ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. આથી, ઓનલાઇન અરજી કરતી વખતે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત સમયગાળાનું અને નિયત નમૂનાનું પ્રમાણપત્ર ધરાવતા ના હોય તેવા ઉમેદવારોને જનરલ ઉમેદવાર તરીકે અરજી કરવા સલાહ આપવામાં આવે છે.

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવાર આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમાં ધરાવતા હોવા જોઈશે. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર ધરાવતા હશે તો તેને ધ્યાને લેવામાં આવશે નહીં.

(૪) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ(૨) માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને લેખિત કસોટીમાં મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃલગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત, મંડળની કચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવા મંડળને અસલમાં રજૂ કરવાના રહેશે.

(૫) એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિક, જુડો, કબડ્ડી, રાઈફલશુટિંગ, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે

તેમને લેખિત કસોટીમાં મેળવેલ કુલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગર તથા તા.૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગર માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર મંડળ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હક્કદાર થશે. Sports માં અરજી કરનાર ઉમેદવાર જો મંડળ માંગે ત્યારે આવું પ્રમાણપત્ર રજૂ નહીં કરી શકે તો આવા ઉમેદવારને Sports ના ગુણ મળવાપાત્ર થશે નહીં.

(૬) ઉમેદવાર પસંદ કરવા મેરીટ યાદી તૈયાર થયા બાદ ઉમેદવારોએ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવેલી વિગતોને અનુરૂપ અસલ પ્રમાણપત્રોની ચકાસણીનો અને ખાતા ફાળવણીનો કાર્યક્રમ યોજવામાં આવશે. પ્રમાણપત્રોની ચકાસણીને આધારે ઓનલાઇન અરજીમાંની વિગતો સાચી અને યોગ્ય જણાશે તેવા ઉમેદવારોને જ ખાતા પસંદગી માટે તક આપવામાં આવશે. ખાતા ફાળવણી અને ખાતા પસંદગીના આ કાર્યક્રમમાં ઉમેદવારોને ગુણવત્તાનુસાર ક્રમાંક(મેરીટ) ના આધારે બોલાવવામાં આવશે.

**૧૧. સામાન્ય સૂચનાઓ :-**

1. શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ(કેટેગરી-SC,ST,SEBC), માજી સૈનિક, સ્પોર્ટસ, શારીરિક ખોડ-ખાંપણ અને અન્ય બાબતનોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ મંડળ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્સ નકલો સહીત) રજુ કરવાના રહેશે. એવા પુરાવા રજુ નહીં કરી શકનાર ઉમેદવારનું અરજીપત્રક જે - તે તબકકેથી “રદ” કરવાપાત્ર થશે.
2. અરજદારે અરજીપત્રમાં દર્શાવેલ કેટેગરી(જાતિ) માં પાછળથી કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ઓનલાઇન અરજીમાં ઉમેદવારે દર્શાવેલી કેટેગરી અને ઉમેદવારની ખરેખર કેટેગરીમાં તફાવત માલૂમ પડશે તો, તેવી અરજી રદ કરવાપાત્ર થશે.
3. ઉમેદવાર **અરજીપત્રકમાં જે ફોટો upload કરે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે. પરીક્ષા સમયે હાજરીપત્રકમાં તે જ ફોટો લગાવવાનો રહેશે તેમજ મંડળ માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે.**
4. **ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં મંડળ તરફથી આ પરીક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે તેથી દર્શાવેલ મોબાઈલ નંબર બદલવો નહી.**

5. ફીકસ પગારથી લાયક ઉમેદવારને ૫ (પાંચ) વર્ષનાં અજમાયશી ધોરણે બિન સચિવાલય કારકુન સંવર્ગની જગ્યા ઉપર નિમણૂંક સત્તાધિકારી દ્વારા નિમણૂંક આપ્યેથી આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ તથા પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાનાં નિયમો મુજબ નિયત પરીક્ષાઓ આ સમયગાળા દરમ્યાન સરકારશ્રીના તે અંગેના પ્રવર્તમાન નિયમાનુસાર પાસ કરવાની રહેશે.

6. આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

7. ઉમેદવાર પોતે બિન સચિવાલય કારકુન સંવર્ગની મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે, જાહેર સેવા માટે તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૬૭ અને નિમણૂંક અંગેના પ્રવર્તમાન નિયમોથી ઠરાવેલ

નિયમાનુસાર ઉમેદવાર યોગ્ય જણાતા નથી, તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેમની નિમણૂંક 'રદ' કરીને પડતા મૂકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

8. આ ભરતી પ્રક્રિયા કારકુન સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમો અને ભરતી પરીક્ષા નિયમોને સંપૂર્ણપણે આધિન રહેશે.

9. આ જાહેરાત કોઈ પણ કારણોસર "રદ" કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો, તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી.

10. **બોર્ડ(મંડળ) ની વેબસાઇટ:** https://gsssb.gujarat.gov.in **નિયમિતપણે જોતા રહેવા ઉમેદવારોને ખાસ સૂચના આપવામાં આવે છે.**

11. **આ જાહેરાત અન્વયે સંભવત: ભાગ-૧ ની પરીક્ષાનું આયોજન ૨૦૧૬, સપ્ટેમ્બરમાં કરવામાં આવશે, તે ધ્યાને લઇ ઉમેદવારોએ પરીક્ષાલક્ષી તૈયારી કરવી. આમ છતાં પરીક્ષાના આયોજનની તારીખ બાબતે જરૂર જણાયે મંડળ ફેરફાર કરી શકશે.**

**૧૨. મંડળ જે કોઈ ઉમેદવારને-**

1. તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,
2. બીજાનું નામ ધારણ કરવા માટે,
3. બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,
4. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,
5. યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,
6. પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,

7. પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે,

8. લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે,

9. OMR(ઉત્તરપત્ર)માં પોતાની ઓળખસૂચક કોઇપણ પ્રકારની નીશાની, લખાણ, આલ્ફાબેટ, ચિહ્ન કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરવા માટે,

10. પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે,

11. પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે,

12. પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા

13. પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષતિ ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત - (ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ)(૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી, અથવા (૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિદિષ્ટ મુદત માટે ગેરલાયક/બાકાત કરી શકશે.

14. ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ ધ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

**૧૩. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.**

**(આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે. જે સંપૂર્ણ નથી)**

(૧) ઓનલાઇન મુસદા મુજબ અરજી કરેલ ન હોય,

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય,

(૩) અરજીમાં ઉમેદવારે સહી કે પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરેલ ન હોય,

(૪) અરજી ફેકસ થી, ઇ-મેઈલ થી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય,

(૫) બિનઅનામત વર્ગના ઉમેદવારે પૂરેપૂરી ફી ન ભરેલ હોય,

(૬) અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ, શારીરિક ખોંડ-ખાંપણ ધરાવતા ઉમેદવાર તેમજ માજી સૈનિક તેઓની કેટેગરી અંગેનુ પ્રમાણપત્ર ધરાવતા ન હોય,

(૭) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ના હોવા અંગેનું નોન-ક્રિમિલીયર પ્રમાણપત્ર ધરાવતા ન હોય,

**૧૪.** આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળનો સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

**તારીખ:**૨૨/૦૪/૨૦૧૬

**સ્થળ :** ગાંધીનગર

**સચિવ**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,

ગાંધીનગર

# APPENDIX – G

## (1) Operating System and office Productivity Tools.

(i) Microsoft Windows
(ii) MS Word - including Advanced Features
(iii) MS Outlook
(iv) File and Folder Management
(v) Internet Familiarity, Usages and E-mail.
(vi) Understanding Wide Area Network, Wireless LAN and connecting LAN to WAN
(vii) Information on Internet explorer usages and various options / setting available
(Viii) Overview & Usages ofof PDF
(ix) Microsoft Office.

## (2) Microsoft Office Indic (Gujarati)

(i) Introduction about MS Office - Indic
(ii) Introduction about Desktop, Mouse, Keyboard, etc.
(iii) How to start Word? Methods of starting Word
(iv) How to Change Language English to Gujarati
(v) Introduction about the Gujarati Keyboards
(vi) Introduction about the Gujarati IME, Difference between Remington and Transliteration K/B
(vii) How to operate the K/B what is Transliteration K/B
(viii) How to type different Characters and Words from Transliteration K/B
(ix) How to use IME help? How to use spelling grammars check in Gujarati?
(x) What is smart Tag? What is thesaurus?
(xi) How to change the menu from English to Gujarati
(xii) Convert the ASCII font to Unicode from TBIL Converter.

## (3) Troubleshooting, Installation and Best practices.

(i) Understanding Storage devices.
(ii) How to use a DVD/CD/ROM and floppy
(iii) Burning DVD/ CD
(iv) Taking data on and from a flash drive, pen drive.
(v) Using data and resources from a Local Area Network
(vi) Using FTP for uploading and downloading of Data from the Internet
(vii) Information on Scanner and Scanner Software usage / Configuration

## (4) Installations:

(i) Installing basic software's like MS Office, etc
(ii) CD Burning Software (Nero, etc)
(iii) Installing or adding printers
(iv) Installing or adding Fonts
(v) Installing sound drivers
(vi) Installing drivers for any new hardware
(vii) Installing new software and removing them using the control panel

## (5) Best Practices.

(i) General Security concepts (Covering orientation on the criticality of the password protection, guidelines on forming new passwords, guidelines on protection, of the assigned accounts)
(ii) Disk Cleanup
(iii) Regular updating of anti virus software
(iv) Scandisk
(v) Backups in detail including the following:
    (a) Backup through Application
    (b) Backup through Utilities and Tools.
    (c) Record Retention

## (6) Troubleshooting:

(i) Troubleshooting Tools
(ii) Troubleshooting Viruses
(iii) Troubleshooting Fundamentals
(iv) Problems that keep a computer from starting
(v) Troubleshooting OS, Network
(vi) Problems after a Computer Boots

# APPENDIX –H

## Practical Test

| | | |
|---|---|---|
| (i) | Preparing a tender notice in word file | 30 Marks |
| (ii) | Preparing a slide for presentation based on data provided | 10 Marks |
| (iii) | Preparing an excel spreadsheet and answering an arithmetic problems | 10 Marks |
| (iv) | Error check and spelling correction in given word document and other functions.<br>- Comment remove<br>- Spelling check<br>- Bold – Remove (Rewriting of paragraph), etc. | 10 Marks |